Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલી—૨

બાલવાગાડી

66 ગ/૧૮
૨૧૮૫૧
૨૪.૬.૨ ૫૩
સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

પગલું ૧લું

CHECKED 1973
Initial

વન

વડ

વડ

થડ

ચડ પડ | વડ ચડ

પડ ચડ | થડ ચડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથ રસ

રસ રથ

થન થન થન

સર સર સર

થનનન

સરરર

રણ ઘણ વણ

વણ ગણ ચણ

ચરરર સનનન

ગડડડ ઘણણણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રથ

પર

ગઢ

પર

ગઢ પર ચઢ.

સઢ પર ચઢ.

રથ પર ચઢ.

વડ પર ચઢ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગ	તલ	ઘર
મઠ	તજ	દર
મધ	તર	કર

મણ મગ. મણ મઠ.

મણ તલ. મણ જવ.

મધ—ચપ ચપ.

તજ—તમ તમ.

ઘર ઘર રમ.

રથ રથ રમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસ હસ હસ.

બસ બસ બસ.

રસ રસ રસ.

બસ બસ બસ.

ફળ જળ હળ.

બસ ફળ બસ.

બસ જળ બસ.

ઝટ ઝટ. ચટ ચટ.

ટપ ટપ. ચપ ચપ.

ઝબ ઝબ. લબ લબ.

ઝળળળ ખળળળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વન	થડ	હળ	ફળ
ચડ	પડ	બળ	ક્રર
રસ	રથ	ઝટ	લખ
ગણ	ઘણ	હસ્	ખસ
સઢ	ચઢ	ભજ	ભણ
મગ	મઠ	હઠ	લઠ
તર	તજ	નવ	દશ
જવ	તલ	છબ	છબ
દર	ઘર	જય	જય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક ખ ગ ઘ ઙ	૧ ૨ ૩ ૪ ૫
ચ છ જ ઝ ઞ	૬ ૭ ૮ ૯ ૦
ટ ઠ ડ ઢ ણ	૧ + ૧ = ૨
ત થ દ ધ ન	૧ + ૧ + ૧ = ૩
પ ફ બ ભ મ	૨ + ૨ = ૪
ય ર લ વ	૨ + ૨ + ૨ = ૬
શ ષ સ	૩ + ૩ = ૬
હ ળ	૩ + ૩ + ૩ = ૯
અ ઇ ઉ	૧ + ૨ + ૩ = ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બા. આ મા.

આ કાકા. આ મામા.

આ દાદા. આ બાપા.

આ શાળા. આ બાળા.

મારા બાપા. તારા બાપા.

મારા મામા. તારા દાદા.

કાળા કાકા. નાના કાકા.

બધા જતા હતા.

હવા આવા જતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આજ રજા ! કર મજા !

હવા ખાવા જા.

ફરવા જા. રમવા જા. ગામ જા.

વાહ વાહ ! મજા મજા !

CC-0. In Public Domain: Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીની ! મીની !
કીકી કીકી, મીની આવી.
આવ મીની, આવ.
મીની મીની, ખીર પી.
ધીરી ધીરી, ધીરી ધીરી !
બીતી બીતી, બીતી બીતી !
આઘી પાછી, આઘી પાછી !
બીતી બીતી આવી, ધીમી ધીમી આવી,
ખીર મારી ભાવી.
ચપ ચપ ચાટી.
ઝટ ઝટ નાઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડી ! ગાડી ! ગાડી !



માજી માજી ! ગાડી આવી, ગાડી આવી.
આ ગાડી બાની. આ ગાડી માની.
નાની ગાડી મારી.
ગાડી ચાલી ખટખટ. ખરર્ર ખટ !
ગાય આવી ! ઘોડી આવી !
મારી ગાડી આવી.

ગાડી મારી ગા.....ડી !
આ ગરર્ગર ગરગર ચાલી !
ચકલી આવ ! બકરી આવ !
આવ બિલ્લી વહાલી !
થાકી પાકી આવ માડી !
ગાડી મારી ખાલી !
આ ગરગર ગરગર ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પા પગી !
મામા ડગી !
ચાલ કીકી, ચાલ.
મારી કીકી પડી.
ધીરી કીકી ધીરી.

પા પગી ! મામા ડગી !
ખરી કીકી ખરી !

કીકી કીકી, પા આવી.
લીલી પીળી દડી લાવી.
નવી નવી છબી લાવી.
મીઠી મીઠી દરાખ લાવી.

CC-0. In Public Domain, Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મારી બા. મારા બાપા.

તારાં માજી. તારા બાપાજી.

મારાં અમ્મા. મારા બાબા.

તારાં આઈજી. તારા બાવાજી.

મારાં મમ્મા. મારા પપ્પા.

તારાં માતાજી. તારા પિતાજી.

મારા બાપા તારા કાકા.

તારા કાકા મારા બાપા.

મારા બાબા પાકા.

તારા ચાચા કાચા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પગલું ૧૪મું

ચકી રાણી. ચકા રાણા.
ચકી રાણી કાણી. ચકા રાણા કાણા.
ચકી રાણી બાડી. ચકા રાણા બાડા.
ચકી રાણી, પાણી પી.
ચકા રાણા, ધાણી ખા.

ચકા રાણા, ચકા રાણા,
નથી ઘરમાં દાણા!
ચક ચક કરતા ચકા રાણા,
દસ મણ લાવ્યા દાણા!
ચકી રાણી, ચકી રાણી,
નથી ઘરમાં પાણી!
ચીં ચીં કરતાં ચકી રાણી,
તળાવ લાવ્યાં તાણી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લે. દે. છે.

લે છે. દે છે.

લે લે. દે દે.

બહેન દે છે. ભાઈ લે છે.

ભાઈ દે છે. બહેન લે છે.

બે બહેન છે.

બે ભાઈ છે.

બે ભાઈ જમે છે.

બે બહેન રમે છે.

મહેર ભાઈ હસે છે.

ચેરીન બહેન બેસે છે.

જેઠા ભાઈ જમે છે.

રેવા બહેન રમે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ છબી છે.

છબી કેવી સારી છે!

છબીમાં નદી છે.

નદી કાંઠે ઝાડ છે.

નદીમાં પાણી છે. પાણીમાં બતક છે.

બતક તરે છે. પાણી હાલે છે.

બાપા બતાવે છે.

બાબાને મજા પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એ વાઘ છે.

એ હાથી છે.

એ સિંહ છે.

ક્યાં છે?

પેલા બાગમાં છે.

એ ગાય છે.

એ બૈંસ છે.

એ પાડી છે.

ક્યાં છે?

મારે ઘેર છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આવ, ગાય, આવ.

ગાય ગાય, ઘાસ ખા.

ગાય ગાય, પાણી પી.

મારે ઘેર કાળી ગાય છે.

તારે ઘેર રાતી ગાય છે.

મારી ગાય ડાહી છે. તારી ગાય ઘેલી છે.

ગાય ગાય, તું મોરી માય,
નિત નિત ડુંગર ચરવા જાય.
ઘાસ ખાય અમને પય પાય,
માટે સૌ તારા ગુણ ગાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ મારી શાળા,
આ મારી શાળા,
વહાલી વહાલી લાગે
આ મારી શાળા !

સારા સારા પાઠો ભણીએ
મીઠા મરમાળા,
વહાલી વહાલી લાગે
આ મારી શાળા !

નાનાં નાનાં હળીએ મળીએ
બાળ અને બાળા,
વહાલી વહાલી લાગે
આ મારી શાળા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે બે હાથ છે.
મારે બે પગ છે.
મારે બે આંખ છે.
મારે બે કાન છે.
મારે એક નાક છે.
મારે બે ગાલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગલું રામું

૧૬

બબ્બુ, બચ્ચુ, બટ્ટુ,

ફજ્જુ, વજ્જુ, ગજ્જુ,

રૂડી, રૂપી, રૂખી,

વજ્જુ વાંચે છે. લખ્ખુ લખે છે.

રમ્મુ રમે છે.

ગજ્જુ ગાય છે. નબ્બુ નાચે છે.

તનુ તાલી દે છે.

બા ધુએ છે. ભગુ સાબુ દે છે.

બબ્બુ રુએ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને શું ભાવે છે?

મને દૂધ ભાવે છે.

તને શું ભાવે છે?

મને લાડુ ભાવે છે.

ભાનુ શું કરે છે?

ભાનુ દૂધ પીએ છે.

કાકુ શું કરે છે?

કાકુ વાળુ કરે છે.

બહેન શું ખાય છે?

બહેન કેરી ખાય છે.

ભાઈ શું ખાય છે?

ભાઈ કેળું ખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઘોડો જો. ઘોડો જો.

ઘોડાની ડોક જો.

ઘોડાના કાન જો.

ઘોડાના પગ જો.

ઘોડાની કેશવાળી જો.

ઘોડાનું પૂંછડું જો.

ઘોડો કેવો દોડે છે!

ઘોડો કેવો હણહણે છે!

ઘોડો કેવો થનગને છે!

ઘોડો કેવો સુંદર છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચલો ગોધો જો.

કેવો મોટો છે.

ગોધો જાડો જાડો છે.

તેનામાં બહુ જોર છે.

તે પગ પછાડે છે.

તે ધૂળ ઉડાડે છે.

તે બહુ બરાડે છે.

હા ! ગોધા, હા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડ છોડ, કાલું દે.
—લે બાપુ.

કાલા કાલા, રૂ દે.
—લે બાપુ.

રૂ રૂ, પૂણી દે.
—કરી લેને.

પૂણી પૂણી, સૂતર દે.
—કાંતી લેને.

સૂતર સૂતર,
ટોપી દે.
—વણી લેને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મારો છે મોર, મારો છે મોર.
મોતી ચરંતો મારો છે મોર !
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
મોતી ચરંતી મારી છે ઢેલ !
મારો છે મોર, મારો છે મોર,
માળામાં બેસનાર મારો છે મોર !
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
ડાળામાં બેસનાર મારી છે ઢેલ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારું નામ રઘુનાથ.

મારા બાપાનું નામ
સોમાભાઈ.

મારા ભાઈનું નામ
રણુછોડ.

અમે પટેલ છીએ.

મારું નામ આમ બોલાય:
રઘુનાથ સોમાભાઈ પટેલ.

મારા ભાઈનું નામ આમ
બોલાય:
રણુછોડ સોમાભાઈ પટેલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તારા, ધીમા ધીમા આવો!

તારા, રમવાને સૌ આવો!

તારા, કૃપા ગેડી લાવો!

તારા, ધીમા ધીમા આવો!

તારા, સંભાળીને આવો!

તારા, એક પછી એક આવો!

તારા, ચોરક ચાલે આવો!

તારા, ધીમા ધીમા આવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ છે ?—હું છું.
હું કોણ ?—ટપાલવાળો.
લાવો કાગળ.

બા, બા, કાગળ છે.
કોનો છે ?
બાપુનો છે ?

શું લખે છે ?

નડિયાદ,
આસો વદ ૫.

ચિ. ધીરુ,

હું કાલે ઘેર આવું છું. સાથે ટોપી લાવું છું. ટોપી ખાદીની છે. તેમાં સરસ ભાત છે. તને બહુ ગમશે.

લિ. બાપુની આશિષ.

વાહ ! ધીરુભાઈનું કામ પાકું.
બા, કાલે હું બાપુ સામો જઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

. Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધમ ધમ ધરણી ધ્રૂજવીશું,
અમ દેશ તણાં કરી ગાન!
જય જય જય નાદ કરીશું,
દઈશું મોંઘા અમ પ્રાણ!
અમે હિંદી હિંદી હિંદી!
છે હિંદ અમારો દેશ

❀

જય જય ગરવી ગુજરાત,
જય જય ગરવી ગુજરાત!
દીપે અરુણું પરભાત,
જય જય ગરવી ગુજરાત!

❀

ગુણવંતી ગુજરાત,
અમારી ગુણવંતી ગુજરાત.
નમીએ નમીએ માત,
અમારી ગુણવંતી ગુજરાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તકલી ભલી, તકલી ભલી,
તકલી મને વહાલી રે.

તકલી ચલી, તકલી ચલી,
શુભ્ર સૂતર વાળી રે.

તકલી રમે, તકલી ભમે,
હાથમાં દઈ તાળી રે.

ઝમઝૂમે ને રાસ રમે,
સરરર ઘુમ્મ ચાલી રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હું એક પક્ષી છું.
મારે બે પાંખ છે.
મારે બે પગ છે.
મારે એક ચાંચ છે.
તે ચાંચ લાંબી છે.
તે કાળી પણ છે.
મારો રંગ કાળો છે.
હું માળામાં રહું છું.
હું ઝાડ પર બેસું છું.
હું વાદળમાં ઊડું છું.

હું જમીન ઉપર ચાલું છું.
મને નાહવું બહુ ગમે છે.
હું સાફ રહું છું.
હું ઝીણાં જીવડાં ખાઉં છું.
મને લોકો પાકો કહે છે.
મારો રાગ કોઈને
ગમતો નથી.
હું કાકાને બોલાવું છું.
કહો ભાઈ,
મારું નામ શું હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોર મોર, પીંછું દે.
દાણા નાખું, પીંછું દે.
દૂધ પાઉં, પીંછું દે.
તારું પીંછું મને બહુ ગમે.
. . . મોર ઊડી ગયો !
આવજે મોર, પીંછું નહિ લઉં.
દાણા ચણજે, પીંછું નહિ લઉં.
દૂધ પીજે, પીંછું નહિ લઉં.
મોર ઊડતો આવ્યો,
મોર કૂદતો આવ્યો,
મોર નાચતો આવ્યો,
. મોરે કળા કરી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બા, કૂતરાની ચાનકી
ઢે ને!
મારે મોતિયાને
નાખવી છે.
આ લે તૂ તૂ,
રોટલો રોટલો.
આ લે મોતિયા
મોતિયા, ચાનકી,
ચાનકી.

બા, ને તો, કેવો પૂંછડી હલાવે છે!
ભાઈને દાંત કાઢતાં ન આવડે એટલે પૂંછડી
હલાવે છે.

મોતિયા, ઝીલતાં આવડે છે?
કકડો ઉડાડું છું. ઝીલી લેજે હોં.
શાબાશ મોતિયા, શાબાશ!
બીજો કકડો! જોજે ચૂકતો નહિ!
શાબાશ શાબાશ! મારા મોતિયા સાવજ, શાબાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તમે ગધેડું જોયું છે ?
હા, ઘણી વાર જોયું છે.
ક્યાં જોયું છે ?—કુંભારને ત્યાં જોયું છે.
કુંભાર ગધેડાં શું કામ રાખે ?—માટી ભરવા.
માટીને કુંભાર શું કરે ?
ઘડા બનાવે, નળિયાં બનાવે, એવું એવું કરે.
ગધેડું તમને ગમે ખરું ?
ના ના, એ તે કોને ગમે ?—કેમ ?
એ હોંચી હોંચી કરીને ભૂંકે છે.
એના કાન લાંબા ટૂંકા છે. મને તો ગધેડું ન ગમે.
તમે ઠીક લાગો છો. તમારું કામ કરીને બિચારું
મરે, પણ તમને તે ગમે નહિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગલું ઉઠ્યું

નાના કાકા, તમારી લાકડી લઉં ?
શું કરીશ ભાઈ ?
મારે ઘોડો ઘોડો રમવું છે.
ઠીક ત્યારે લે. રમી રહે એટલે પાછી સૂકી દેજે.
મોતી બહેન, તમારી પાસે નાડી છે તે દેશો ?
આ ઘોડાની લગામ કરવી છે.
ઘોડો ઘોડો રમવું લાગે છે, કેમ ?
મોતી બહેન, ઝટ કરો. મારે ચોરને પકડવા જવું છે.
હા ભાઈ હા, તો તો કાંઈ ના પડાય ?



એ ! બાન્નુ બાન્નુ !
કોરે ખસો, કોરે ખસો.
ઘોડો આવે છે, ઘોડો
આવે છે !
તબડક ! તબડક !
તબડક !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તમારે ઘેર ગાય છે ?
હા, મારે ઘેર ગૌરી ગાય છે.
તમારી ગાયની વાત તો કહો.
સાંભળો મારી ગાયની વાત.

એને એક વાછડી છે. તે મને બહુ વહાલી લાગે છે. હું તેની જોડે રમું છું. અમારી વાછડી બહુ ઠેકડા મારે છે. અમારી ગાય તેને ચાટે છે.

વારુ, તમે ગાયનું દૂધ તો રોજ પીતા હશો.
હા, મારી વાડકીમાં દોવરાવીને પીઉં છું.
તમારી ગાય શીંગડું મારે ખરી ?
ના ના, એ તો બહુ ભલી છે.
હું તો એને ગળે ટીંગાઉં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી બાનું નામ ગંગા છે.
તે મને મારતી નથી.
મને તે વઢતી પણ નથી.
તે મને સારું સારું ખવડાવે છે.
મને ગમે તે કામ કરવા દે છે.
મને ખાદીનાં લૂગડાં આપે છે.
મારી સાથે તે રોજ ગાય છે.
સાંજે સાંજે મને વાર્તા કહે છે.
રાતે મારે વાંસે હાથ ફેરવે છે.

હું તેનું બધું કામ કરું છું.
હું તેને ગળે વળગી પડું છું.
રોજ તેના ખોળામાં બેસું છું.
તેને ખૂબ દાંત કઢાવું છું.
મારી બા મને બહુ વહાલી લાગે છે.

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ!
તેથી મીઠી તે મારી માત રે!
જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું સવારમાં વહેલો
ઊઠું છું.
ઊઠીને હું માબાપને પગે
લાગું છું.
પછી હું ગીતો ગાઉં છું.
પછી હું દાતણ કરું છું.
પછી હું નાહું છું.
નાહીને પ્રાર્થના કરું છું.
પછી હું દૂધ પીઉં છું.
પછી હું કાંતું છું.
પછી હું મારી વાડીમાં
પાણી પાઉં છું.
પછી હું બહેન સાથે
રમું છું.
રમીને હું જમું છું.

પછી હું શાળાએ જાઉં છું.
શાળામાં હું ભણું છું.
ભણીને હું ઘેર આવું છું.
પછી હું કંઈક ખાઉં છું.
પછી હું ગેડીદડે રમું છું.
કોઈ વાર મોઈ દાંડિયે
રમું છું.
પછી હું હાથપગ ધોઉં છું.
પછી હું વાળું કરું છું.
પછી હું ગીત ગાઉં છું.
પછી ભાઈ બહેન સાથે
રમું છું.
પછી મા ની વાર્તા
સાંભળું છું.
પછી હું સૂઈ જાઉં છું.
સવારે હું વહેલો ઊઠું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ અમોને રાતે મીઠી
નીંદ મહીં પોઢાડે ?
તું વિણ દેવા ! કોણ અમોને
મધુરે સાદ જગાડે ?
કોટિ કોટિ ઉપકારો તારા
કઈ વાણીમાં ગાઉં ?
આંખો મીંચી તને પિતા ! હું
હૈયે મુજ પધરાવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા, આજે મારે નખ ઉતરાવવા છે.

કેમ ?

મને ગિન્નુભાઈએ કહ્યું છે કે મોટા નખ લઈને શાળામાં ન અવાય.

ઠીક, હું હમણાં ઉતારી આપું છું.

પણ બા, કાલે મને ધોયેલાં કપડાં પહેરાવજે હોં. ગિન્નુભાઈ કહે છે કે મેલાં કપડાં ન પહેરાય.

વાહ, તારા ગિન્નુભાઈ તો ભારે લાગે છે.

લે, અમારા ગિન્નુભાઈ તો બહુ ડાહ્યા છે.

તે કહે છે કે મોંમાં આંગળી ન નંખાય.

કોઈ લૂગડું ચાવે તો પૂછે છે કે ભૂખ લાગી છે ?

અમારા હાથ બગડે તો અમને ધોવડાવે છે.

તેમણે કહ્યું છે કે ખાઈને રોજ કોગળા કરવા. નાહીને રોજ માબાપને પગે લાગવું. રાતે વહેલાં સૂઈ જવું. સવારે વહેલાં ઊઠવું.

ઓહો, તારા ગિન્નુભાઈ તો બહુ સારા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બા, મને નવો રેંટિયો લઈ દઈશ ?

નાનકડો અપાવજે હોં.

બચુનો રેંટિયો બહુ સારો છે.

એની બાએ એને રંગાવી દીધો છે.

પણ મને એનો લીલો રંગ ગમતો નથી. મને તો રાતો રેંટિયો બહુ ગમે.

બા, મને રેંટિયાનું ગીત આવડે છે.

ધીરા ધીરા ચાલે રે,
મીઠા મીઠા ગાજે રે,
રૂડો મારો રેંટિયો હોજી.

❦

લાકડાની કૂકડી, ને લોઢાની ચાંચ;
આખો દહાડો ફરે ત્યારે ઈંડાં મૂકે પાંચ.
—એ શું હશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલમંદિરિયું, બાલમંદિરિયું
અમારું સુંદર સોહાય,
વહાલું મારું બાલમંદિરિયું.



સવારે સૂરજ સોનલાં વેરતા,
સાંજે ગુલાબ ઢોળી જાય,
વહાલું મારું બાલમંદિરિયું.

પુસ્તકાલય
કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી ગાડી

ગિજુભાઈની આ વહાલી વસ્તુનું સંસ્કરણ તેમણે ને મારે સાથે બેસીને કરવું એમ ધારેલું, પણ ઈશ્વરે તે ધારણા પાર પડવા ન દીધી. હસતો રહેજે સદા, હે બાલમિત્ર આત્મા! આ નવી ચાલણગાડી ઉપર અને તેના બાળવાચકો ઉપર.

ચાલણગાડી ઘણા શિક્ષકોએ ભણાવી છે અને ઘણા ભણાવશે. પણ તેના ખરા ભણાવનાર ગિજુભાઈ તો ગયા. એ યાદગાર દિવસોમાં બાલમંદિરમાં બાળકો વચ્ચે બેસી ગિજુભાઈ તેનું હાવભાવ સાથે પારાયણ કરતા, અને બાળકો તે શ્રવણ કરતાં ડોલતાં. એમને ખબર પણ ન પડતી કે ક્યારે પાઠ શીખ્યા, ક્યારે શબ્દો આવડ્યા, ક્યારે અક્ષરો ઓળખ્યા.

શિક્ષક બન્ધુઓ અને બહેનો, એવો જ રસ તમે પણ તમારા કામમાં રેડજો. અક્ષરો ઘૂંટાવીને અને શબ્દો ગોખાવીને ચાલણગાડીનાં પૈડાં કોઈ ભારે ન કરી મૂકશો. વાંચતાં આવડે ત્યાં સુધી બાળકોને સંભળાવવાનું થોભાવશો નહીં, અને લખતાં આવડે ત્યાં સુધી તેમને વાંચતાં અટકાવશો નહિ.

વાંચતાં અને લખતાં શીખવવું એટલા માટે જ આ ચોપડી નથી. બાળકના હૃદયમાં મનુષ્ય અને અન્ય સૃષ્ટિ માટે જે પ્રેમ રહેલો છે તે પ્રગટ થાય, તેમને માટે કંઈ કંઈ કરવાનો તેને રસ છૂટે, એ આ રચનાનો ઊંડો ઊંડો હેતુ છે. તેવાં કામો આપણે કરીએ અને તેમાં બાળકોને ભેળવીએ. એ જ રીતે આપણે ચાલણગાડી બાળકના હૃદયમાં ઉતારી શકીશું. પછી તેઓ તેને માત્ર પોપટની પેઠે પઢશે નહિ, પણ ચાલણગાડીએ સાચેસાચાં ચાલશે. તેઓ નિત્ય નવાં કામો કરશે, અને તેઓ બોલશે ત્યારે તેમનાં મુખમાંથી નવા નવા પાઠો ઝરશે.

જુગતરામ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુનર્મુદ્રણ પ્રત ૧૦,૦૦૦
બી આના મે '૪૬ કુલ પ્રત ૫,૨૫,૦૦૦

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, ખજૂરીની પોળ, અમદાવાદ
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar